સુવિચાર
હાલનું જીવન પૂર્વના ચિંતનનું ફળ છે,
તમારા વિચારો એ જ તમારું પ્રારબ્ધ છે...

RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક


નવા બસપોર્ટમાં પાસ બારીએ સર્વર ઠપ્પ થતા વિદ્યાર્થીઓની લાંબી કતારો લાગી
P-4

Year-16, Issue-80 ■ DATE : 10-07-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગંભીરા બ્રિજ દુઘર્ટનાની તપાસ માટે સીટની રચના



## મૃત્યુઆંક ૧૪ પહોંચ્યોઃ આજે પુનમે નદીનુ જળસ્તર વધે તે પુર્વે આખી રાત શોધખોળ કાર્યવાહીઃ સી.આર.પાટીલ તથા નીતીન ગડકરી વચ્ચે વાતચીત

**મુખ્ય સમાચાર, વડોદરા**

મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડતો મહીસાગર નદી પર આવેલો ૪૦ વર્ષ જુનો ગંભીરા પુલ તૂટી પડતા ઘણા વાહનો પાણીમાં ડૂબ્યા હતા. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૧૩ લોકોના મોત થયા છે. ત્યારે સરકાર દ્વારા ૬ લોકોની તપાસ કમિટી બનાવવામાં આવી છે જે ૩૦ દિવસમાં તપાસ રિપોર્ટ તૈયાર કરીને રજૂ કરશે. અહીં ઉલ્લેખનિય છે કે આ ઘટના બાદ વડાપ્રધાન મોદીએ તેમના વિદેશ ઁપ્રવાસની વચ્ચે મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક વાતચીત કરીને દુર્ઘટના અંગે સંપૂર્ણ વિગતો મેળવીને મળતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. જે લોકો ઈજા પામ્યા છે તેમની સારવાર માટેની ચિંતા કરીને સારવાર ખાત્રી અંગેની જાણકારી પણ મેળવી હતી. પ્રધાનમંત્રીએ મળતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી પ્રત્યેકને ૨ લાખ રૂપિયા અને ઘાયલોને પ્રત્યેકને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

વડોદરા નજીક મહીસાગર નદી પરના પુલના બે કટકા થઈ જતા સર્જાયેલી દુર્ઘટનાનો મૃત્યુઆંક ૧૪ પર પહોંચ્યો છે. સૌરાષ્ટ્રના દ્વારકાના એક વ્યક્તિનો પણ ભોગ લેવાયો છે.

બીજી તરફ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતા ટુંકા અંતરના આ બ્રીજ પર વાહનવ્યવહાર બંધ થતા ધડાધડ નવા ડાઈવર્ઝન શરૂ કરાયા છે. કેન્દ્ર સરકાર પણ એકશનમાં આવી હોય તેમ ગુજરાતના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીયમંત્રી સી.આર.પાટીલે પરિવહન પ્રધાન નીતીન ગડકરી સાથે વાતચીત કરી હતી.

ગંભીરા બ્રિજ તૂટી પડવાને પગલે અનેક વાહનો મહીસાગર નદીમાં ખાબકયા હતા. સંખ્યાબંધ લોકો પણ પડી ગયા હતા. પરિણામે મોડીરાત સુધી રાહત-બચાવ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું. આજે પુનમે નદીનુ જળસ્તરે વધે તેમ હોવાની શકયતાને ધ્યાને રાખીને મોડીરાત સુધી કામગીરી કરવામાં આવી હતી.

સરકારના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે મૌજુદ હતા. માર્ગ-મકાન વિભાગના મુખ્ય ઈજનેર પટેલીયાને પણ મોકલવામાં આવ્યા હતા. આજે સવાર સુધીમાં મૃત્યુઆંક ૧૪ થયો હતો. એક મૃતદેહ દ્વારકાના મહેન્દ્રભાઈ હાથિયાની હોવાની ઓળખ થઈ હતી.

દરમ્યાન બ્રીજ દુર્ઘટના બાદ સરકાર એકશનમાં આવી હોય તેમ ધડાધડ નવા રોડ ખોલવા સહિતના નિર્ણયો લેવાયા હતા. સી.આર.પાટીલ દ્વારા પુલ-રસ્તાઓ વિશે કેન્દ્રીય પરિવહનમંત્રી નીતીન ગડકરી સાથે વાતચીત કરવામાં આવી હતી અને બ્રીજ તૂટયા બાદ ટ્રાફીકની મુશ્કેલી ટાળવા માટે નવા માર્ગ ખોલવાનુ નકકી થયુ હતું.

આવતા ૨૪ કલાકમાં કીમનો એકસપ્રેસ-વે ખોલીને ટ્રાફિક ડાઈવર્ટ કરવાનો નિર્ણય લેવાયો હતો. ભરૂચથી સુરતનો ટ્રાફીક એકસપ્રેસ-વે પર ડાઈવર્ટ કરાશે. આ સિવાય તાપી નદી પરના કામરેજ બ્રીજનું રીપેરીંગ કરવાનુ નકકી થયુ હતુ.

## ગુરૂપૂર્ણિમાંના પાવન પર્વ નિમિત્તે કષ્ટભંજન હનુમાનજીને ફુલોના શણગાર સાથે ૫૧ કિલો સુખડીનો પ્રસાદ ધરાવાયો





**રીપોર્ટર ચિંતન વાગડીયા બરવાળા**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ગુરુપૂર્ણિમા એવં વ્યાસપૂર્ણિમા  નિમિત્તે પર્વની વિશેષ ઉજવણી કરવામાં આવી. આજે ગુરુવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને દાદાને આજે દિવ્યવાઘા પહેરાવામાં આવ્યા છે. દાદાના સિંહાસને સેવંતી,ગુલાબ અને ગલગોટાના ફુલનો પણ શણગાર કરાયો છે. તેમજ સવારે ૦૫૩૦ કલાકે મંગળા આરતી તથા ૭૦૦  કલાકે શણગાર આરતી કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ. દાદાને વિશેષ સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો, આજે દાદાનું વિશેષ પૂજન કરાયું હતું.

# દિલ્હી - NCRમાં ૪.૪નો ભૂકંપઃ કોઇ જાનહાની નહીં



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી-એનસીઆર, પશ્ચિમ યુપી અને હરિયાણા સહિત ઉત્તર ભારતના મોટા ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. ભૂકંપના આંચકા ઘણી સેકન્ડ સુધી ચાલુ રહ્યા, જેના કારણે લોકો ગભરાઈ ગયા અને પોતાના ઘરોમાંથી બહાર નીકળી ગયા. આ ભૂકંપ રાત્રે લગભગ ૯૦૪ વાગ્યે આવ્યો હતો. આ એવો સમય હતો જ્યારે મોટી સંખ્યામાં લોકો પોતાના કાર્યસ્થળો પર જઈ રહ્યા હતા અથવા જઈ રહ્યા હતા. હાલમાં પ્રાપ્ત માહિતી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર હરિયાણાના ઝજ્જરમાં હતું. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૪ હતી, પરંતુ તેના આંચકા વધુ મજબૂત અનુભવાયા હતા. આનું કારણ એ હતું કે ભૂકંપનું કેન્દ્ર જમીનથી માત્ર ૧૦ કિલોમીટર નીચે હતું. આ કારણોસર ભૂકંપના આંચકા ખૂબ જ તીવ્રતાથી અનુભવ-ાયા હતા. જોકે, અત્યાર સુધી આના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી.

આ અંગેની વિગતો રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આપવામાં આવી છે. એવું કહેવાય છે કે ભૂકંપનું કેન્દ્રબિંદુ ઝજ્જર હતું, જે અરવલ્લી પર્વતમાળાની નજીક આવેલું છે. આ ભૂકંપ જમીનથી લગભગ ૧૦ કિલોમીટર નીચે આવ્યો હતો અને ૧૦ સેકન્ડ સુધી આંચકા અનુભવાયા હતા. આ ઘણા વર્ષો પછી બન્યું છે, જ્યારે ભૂકંપનું કેન્દ્ર દિલ્હી-એનસીઆર નજીક હતું. દિલ્હી, ગાઝિયાબાદ, ફરીદાબાદ, ગુરુગ્રામ, જીંદ, મેરઠ, પાણીપત, સોનીપત, માનેસર જેવા શહેરોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

નિષ્ણાતોના મતે, ભૂકંપની તીવ્રતા ખતરનાક નહોતી, પરંતુ તેની ઊંડાઈ ઘણી ઓછી હતી. આ કારણે ભૂકંપના જોરદાર આંચકા અનુભવ-ાયા હતા, પરંતુ કોઈ નુકસાન થયું નથી. આ ભૂકંપના આંચકા રોહતક, હરિયાણાના ભિવાની અને રાજસ્થાનના જયપુર સુધી અનુભવ-ાયા હતા. આ ઉપરાંત, આ ભૂકંપના આંચકા પશ્ચિમ યુપીના મેરઠ, હાપુડ, મુઝફ્ફરનગર, સહારનપુર અને હરિદ્વારમાં પણ અનુભવાયા હતા.

NCRના લગભગ ૧૦૦ કિમી વિસ્તારમાં ઊંચી ઇમારતો વાસ્તવમાં, દિલ્હી-એનસીઆરમાં મોટી સંખ્યામાં ઉચ્ચ ઇમારતો આવેલી છે. આવી સ્થિતિમાં, આ વિસ્તારમાં ભૂકંપનું જોખમ સૌથી વધુ છે. મહત્વની વાત એ છે કે આ ભૂકંપ એવા સમયે આવ્યા હતા જ્યારે મોટી સંખ્યામાં લોકો કામ માટે બહાર ગયા હતા. જોકે, માહિતી મળતાની સાથે જ લોકોએ ઘરે ફોન કરવાનું શરૂ કરી દીધું અને તેમની તબિયત જાણવા માટે ચિંતિત દેખાયા. દિલ્હી-એનસીઆરમાં લગભગ ૧૦૦ કિમીના વિસ્તારમાં બહુમાળી ઇમારતો છે અને જ્યારે પણ ભૂકંપ આવે છે ત્યારે તેના વિશે ચિંતા વ્યક્ત કરવામાં આવે છે.

# વરસાદ અને પૂરથી અનેક રાજયોમાં ચિંતાજનક પરિસ્થિતિ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરમાં ચોમાસુ સંપૂર્ણપણે સક્રિય થઈ ગયું છે. એક તરફ લોકોને ગરમીમાંથી રાહત મળી છે, તો બીજી તરફ ભારે વરસાદને કારણે પાણી ભરાઈ જવા, ટ્રાફિક જામ, ભૂસ્ખલન અને પૂર જેવી સમસ્યાઓ સર્જાઈ છે. તેની સૌથી વધુ અસર દિલ્હી-એનસીઆરમાં જોવા મળી રહી છે, જ્યાં થોડા કલાકોના વરસાદથી શહેરના રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા હતા.

પરિસ્થિતિ એવી હતી કે ઘણાં વિસ્તારોમાં રસ્તાઓ પર વાહનો તરતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત, ઉત્તરાખંડ, હિમાચલ, આસામ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં પરિસ્થિતિ ચિંતાજનક છે.

અહેવાલો અનુસાર, દિલ્હી અને NCRના ઘણા ભાગોમાં બુધવારે સાંજે ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે ભારત મંડપમ (પ્રગતિ મેદાન), ઝિલમિલ અંડરપાસ, કૃષ્ણા નગર, ITO, આઉટર રિંગ રોડ, કાલકાજી, આશ્રમ, વઝીરાબાદ, અક્ષરધામ અને મથુરા રોડ જેવા વિસ્તારોમાં ભારે પાણી ભરાઈ ગયા હતા.ઝાખીરા અંડરપાસ અને રોડ નંબર ૪૦ પર પાણી ભરાઈ જવાને કારણે દિલ્હી ટ્રાફિક પોલીસે ટ્રાફિક ડાયવર્ટ કર્યો હતો.

ભારે વરસાદ બાદ ઉત્તરાખંડના ચમોલી અને બદ્રીનાથ હાઈવે પર ભૂસ્ખલનની સ્થિતિ યથાવત્? રહી. ચમોલીમાં વરસાદને કારણે કામેડા નંદપ્રયાગ અને અન્ય સ્લાઇડ ઝોન પર પથ્થરો પડી રહ્યા છે, જેના કારણે મુસાફરોને સલામત સ્થળોએ રોકવામાં આવ્યા છે. જ્યારે રુદ્રપ્રયાગમાં બદ્રીનાથ હાઈવે પર મુસાફરી કરવી મુશ્કેલ બની ગઈ છે.

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારમે પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. અત્યાર સુધીમાં ૩૧ પૂર, ૨૨ વાદળ ફાટવાના બનાવો અને ૧૭ ભૂસ્ખલનના બનાવો નોંધાયા છે. પૂરપૂર્વીય આસામમાં પૂરની સ્થિતિ યથાવત્? છે. અત્યાર સુધીમાં ૩૦ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૨૯,૦૦૦થી વધુ લોકો પ્રભાવિત થયા છે. ગોલાઘાટ જિલ્લો સૌથી વધુ પ્રભાવિત છે.

મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં, વરસાદને કારણે લનવા અને તુઇથા નદીઓનું પાણીનું સ્તર વધ્યું છે. નેહસિયાલ વેંગ અને



જૌમુનુઆમ જેવા ગામોમાં ૧૦૦થી વધુ ઘરો પાણીમાં ડૂબી ગયા છે.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ગંગા અને યમુનાના જળસ્તરમાં વધારો થવાને કારણે દશાશ્વમેઘ ઘાટ, રામ ઘાટ અને અન્ય ધાર્મિક સ્થળો પાણીમાં ગરકાવ થયા છે. મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લામાં સતત વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

# રાજકોટ અમદાવાદ હાઈવે પર રૂ.૯૩.૬૦ લાખના દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું





**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સાતમ આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે બુટલેગરરો પણ દારૂનો મોટો જથ્થો મંગાવવાનું શરૂ કર્યું હોય ત્યારે સુરેન્દ્રનગર એલસીબી ની ટીમ વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપી લઈ રૂપિયા ૯૪ ૬૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે

આ અંગેની માહિતી મુજબ સુરેન્દ્રનગર એલસીબી પોલીસે અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર મોટી કાર્યવાહી કરી છે. પોલીસે ખોડીયાર કૃપા હોટલ પાસેથી એક ટ્રક ટેલરમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ટ્રકમાં બનાવવામાં આવેલા ગુપ્ત ખાનામાંથી બે બ્રાન્ડની કુલ ૬૬૬૦ બોટલ મળી આવી છે. જેમાં મેકડોવેલ્સ નં.૧ની ૧૫૩૬ બોટલ અને રોયલ ચેલેન્જર પ્રીમિયમ ગોલ્ડની ૫૧૨૪ બોટલનો સમાવેશ થાય છે. દારૂની કુલ કિંમત ૮૩.૫૦ લાખ રૂપિયા છે.

પોલીસે આ કેસમાં રાજસ્થાનના બાડમેર જિલ્લાના ગોસાઈરામ સિયાગ જાટને પકડી પાડ્યો છે. પોલીસે ટ્રક અને મોબાઇલ ફોન સહિત કુલ ૯૩.૬૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.આ કેસમાં દેવારામ સારણ સહિત પાંચ આરોપીઓ હજુ ફરાર છે. જેમાં માલ ભરાવનાર, ટ્રક માલિક અને માલ મંગાવનાર વ્યક્તિઓનો સમાવેશ થાય છે. પોલીસે પાણસીણા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કામગીરી એલસીબીના પોલીસ ઈન્સપેક્ટર જે.જે.જાડેજા અને પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ આર.એચ.ઝાલાની આગેવાની હેઠળ કરવામાં આવી હતી.

# બ્રાઝિલ પર ૫૦ ટકા ટૅરિફ નાખતા ટ્રમ્પ



**મુખ્ય સમાચાર, વોશીંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ટૅરિફ વૉર મામલે આક્રમક રૂપ લઈ રહ્યા હોવ તેવું જણાઈ રહ્યું છે. સાત દેશો પર જબરદસ્ત ટૅરિફ લાદ્યા બાદ હવે બ્રાઝિલ ૧ ઓગષ્ટથી પર સીધો ૫૦ ટકા આયાત દર એટલે કે ટૅરિફ વધારવાની જાહેરાત કરી છે.

આ પહેલા અમેરિકા દ્વારા અલ્જેરિયા, ઇરાક, લિબિયા, શ્રીલંકા, બ્રુનેઈ, મોલ્ડોવા અને ફિલિપાઇન્સ પર ટૅરિફની જાહેરાત કરી હતી. બ્રાઝિલ બ્રિક્સનું ફાઉન્ડર સભ્ય છે. ત્યારે ટ્રમ્પે બ્રાઝિલના પૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલસોનારોની વિરુદ્ધ ચાલી રહેલા મુકદ્દમાની સખત આલોચના કરી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે બ્રાઝિલથી આવતા ઉત્પાદનો પર સીધા ૫૦ ટકા ટૅરિફ થોપવાની જાહેરાત કર્યા બાદ ટ્રમ્પે એમ પણ કહ્યું કે બ્રાઝિલમાં પૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારોના ચાલી રહેલા વ્યવહારને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

બ્રાઝિલ ઓનલાઈન મૂકેલા દ્વેષપૂર્ણ ભાષણ, જાતિવાદ, બાળ દુર્વ્યવહાર અથવા અન્ય કોઈપણ પ્રકારના દુર્વ્યવહારને સહન કરશે નહીં. દેશમાં કાર્યરત તમામ કંપનીઓ, પછી ભલે તે બ્રાઝિલિયન હોય કે વિદેશી, તેણે બ્રાઝિલના કાયદાનું પાલન કરવું જ પડશે. તેવી જાહેરાત પણ બ્રાઝિલે કરી છે.

# ખાડા કિચડ રસ્તા મુદ્દે પાંચ દિવસનું અલ્ટીમેટમઃ રામધુન





## ભાયાવદરમાં મુખ્ય માર્ગ પર કાદવ કીચડ ખાડાઓનું સામ્રાજ્ય લોકો ત્રાહિમામ

**મુખ્ય સમાચાર, ભાયાવદર**
**અહેવાલઃ વિજય રાડીયા**

ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામમાં ૨૫.હજારની વસ્તી ધરાવતું ભાયાવદરમાં એક પણ રસ્તો એવો નહીં હોય કે જ્યાંથી આસાનીથી પસાર થઈ શકાય તેમ હોય તમામ માર્ગ કાયદો કિચડ ખાડાઓને ભરમાર છે તેમજ ભાયાવદર નો મુખ્ય માર્ગ કહેવાતો ત્યાં આવેલ સ્કૂલ કોલેજ રેલવે સ્ટેશન પોલીસ સ્ટેશન ત્યાંથી પસાર થતા ખેડુત ત્યાંથી બાર ગામના લોકો જાતા હોય છે જેમ કે કોલકી ગામ ખારચીયા ગામ જામજોધપુર ને પણ આ રસ્તો જોડે છે તેવામાં આ રસ્તા ઉપર ખાડામાં ઘાસ ઊગીને બહાર આવી ગયા છે છતાં તંત્રને આ કોઈ પણ પ્રકારની લોકોની સમસ્યા દેખાતી નથી અને ઘાસ ઉગવાથી મચ્છર માખીઓનો ઉપદ્રવ વધી રહ્યો હોય ત્યારે તંત્ર દ્વારા દવાનો છંટકાવ પણ ન કરવામાં આવતો હોય રોગચાળો ફાટી નીકળવાની દહત ઉભી થવા પામી છે ભાયાવદર શહેરની. ૨૫.હજાર ની વસ્તીના લોકો કાદવ કીચળ ખાડા અને ઘાસની ગંદકીથી પરેશાન હોય ત્યારે વિરોધ પક્ષના નયનભાઈ જીવાણીએ જણાવ્યું કે પાલિકાના અધિકારીઓ આ સત્તાધીશો ને એટલો બધો ઘમંડ આવી ગયો છે કે કોઈપણ લોકોને રજૂઆત સાંભળવામાં આવતી જ નથી બધા લોકો એસી ઓફિસમાં અડ્ડો જમાવી બેસી રહે છે હવે તો ભાજપ સમર્થકો પણ કહેવા લાગ્યા છે કે ખાડાઓ અને કિચડનની સત્તાધીશોને રજૂઆત કરવા છતાં એવા બહાના આગળ ધરવામાં આવે છે કે આ કિચડ અને ખાડાઓ સરખા કરવા માટે ટીમ અત્યારે હાજર નથી જો હવે પાંચ દિવસમાં શહેરના લોકોનો પ્રશ્નોનો નીવડો નહીં આવે તો લોકોને સાથે રાખી પાલિકા ગ્રાઉન્ડમાં અધિકારીઓ અને સત્તાધીશોને સતબુદ્ધિ આપે તેવા માટે રામધૂન બોલાવી વિરોધ કરવામાં આવશો.

# જામનગરમાં ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા ૩૮ શિક્ષણ સહાયકોની નિમણૂક કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સહાયકોની નિમણૂક અંગેની જાહેરાત બાદ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થતા ગુજરાત રાજ્યની સાથે જામનગરમાં પણ ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક તરીકે શિક્ષણ સહાયકોને ભલામણ અને નિમણૂક હુકમો આપવામાં આવ્યા હતા.જામનગર જિલ્લામાં ૩ જુલાઈના રોજ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો હાજર થયા બાદ, અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળામાં પણ ૮ જુલાઈથી નવા શિક્ષકોની નિમણૂક અને ભલામણ પત્ર શિક્ષણાધિકારી કચેરી



ખાતે આપવામાં આવ્યા હતા. જામનગર જિલ્લામાં ૪૫ ઉમેદવારોમાંથી ૩૮ ઉમેદવારોએ શિક્ષક તરીકે જિલ્લા શિક્ષણાધિકારી વિપુલ મહેતા અને વિવિધ સંસ્થાઓના ટ્રસ્ટ મંડળના સભ્યોના હસ્તે ભલામણ પત્ર અને નિમણૂક પત્ર મેળવ્યા હતા.અને નવા નિમણૂક પામેલા શિક્ષકોને શિક્ષણાધિકારી વગેરે દ્વારા આવકારવામાં આવ્યા હતા.

# જામનગર પોલીસ દ્વારા રકતદાન શિબિરનું આયોજન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસ દ્વારા થેલેસેમીયા સામે લડી રહેલા બાળકો તેમજ ગરીબ બાળકો માટે જીવન રક્ષક પહેલના પગલે પંચકોશી-એ ડીવીઝન પોલીસ દ્વારા રકતદાન શિબિરનું આયોજન જામનગર ખીજડીયા બાયપાસ રોડ પાસે આવેલ રોયલ રીસોર્ટ ખાતે કરવામાં આવ્યુ હતું.

આ રકતદાન શિબિરમાં મોટી સંખ્યામાં બ્લડ ડોનર ઉમટી પડયા હતા, તબીબોની ટીમ દ્વારા સેવા આપવામાં આવી હતી, આ તકે રકતદાન શિબિરમાં જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ, ડીવાયએસપી ઝાલા, ડીવાયએસપી દેવધા, અન્ય પોલીસ અધિકારીઓ તેમજ પંચકોશી-એ ડીવીઝનના પીઆઇ શેખ તેમજ સ્ટાફ જોડાયો હતો.જામનગર જી.જી. હોસ્પીટલ અને જીલ્લા સુરક્ષા સેતુ સોસાયટી, જામનગરના સહયોગથી રકતદાન શિબીરનું આયોજન કરવામાં આવ્યુ છે શિબીરની સાથો સાથ સાયબર ક્રાઇમ જાગૃતી માટે સ્ટોલની વ્યવસ્થા કરી છે તેમજ જામનગર ટ્રાફિક પોલીસનો રોડ શેફટી સ્ટોલ પણ રખાયો હતો. સવારથી શરૂ થયેલા બ્લડ ડોનેશન શિબિરમાં સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

# જામનગરમાં પટેલ કોલોની સ્થિત ઘરફોડ ચોરીમાં ચીખલીગર ગેંગના બે સભ્યોને દબોચી લેતી એલસીબી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની આરામ હોટલના સંચાલીકા મહિલાના પટેલ કોલોની વિસ્તારમાં આવેલા માતા-પિતાના બંધ મકાનને કોઈ તસ્કરોએ તાળા તોડી અંદર પ્રવેશ મેળવી લઈ હાથફેરો કરી લીધો હતો અને ૦૨,૨૫,૦૦૦ ની કિંમતના ઘરેણા અને ૩૦,૦૦૦ ની રોકડ રકમ સહિત ૦૨,૫૫, ની માલમતા ચોરી કરી ગયાની ફરિયાદ સિટી-બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાઇ હતી.આ ચોરીની વિસ્તૃત વિગત મુજબ, જામનગરની આરામ હોટલના સંચાલિકા હીનાબેન દીપકભાઈ ભટ્ટ જેવો પોતાની સાથેના કેરટેકર ચેતનાબેન સાથે સિટી-બી ડિવિઝન પોલીસ મથકમાં પહોંચી જઈ પોતાના માતા પિતાનો બંગલો પટેલ કોલોની શેરી નંબર ત્રણમાં આવેલો છે. જે અમૃતકુંજ નામના મકાનમાં ચોરી થઈ હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું.તસ્કરોએ તા.૧૭.૦૬.૨૦૨૫ થી ૮-૭-૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન કોઈપણ સમયે મુખ્ય દરવાજા તેમજ અંદરના રૂમના લોક વગેરે તોડી નાખી અંદર પ્રવેશ મેળવી લીધો હતો અને મકાનમાં રાખેલી રૂપિયા ૩૦,૦૦૦ ની રોકડ રકમ ઉપરાંત ૦૨,૨૫,૦૦૦ ની કિંમતના સોનાના ઘરેણા વગેરે મળી કુલ રૂપિયા ૦૨,૫૫,૦૦૦ ની.બાદમાં એલ.સી.બી.ના પોલીસ ઇન્સ.વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ના પો.સ.ઈ..પી.એન.મોરી તથા પો.સ.ઈ.સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફના માણસો દ્વારા બનાવ સ્થળની વિઝીટ કરવામા આવેલ, અને સી.સી ટીવી ફ્રુટેજ ચેક કરી સઘન તપાસ હાથ ધરી હતી.

દરમ્યાન એલ.સી.બી.ના ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા અરજણભાઈ કોડીયાતર તથા ઘનશ્યામભાઈ ડેરવા-ળીયા તથા મયુદિનભાઈ સૈયદ ને સંયુકત બાતમીના આધારે.મહેન્દ્રસિંહ ઉધમસિંહ ખીચી રહે.ગરીબનગર પાણાખાણ રોડ ઉપર બેડી -જામનગર બલરામસિંગ ચંદાસિંગ ટાંક રહે. રંગપર ગામના પાટીયા પાસે સંડોવાયેલ છે અને હોન્ડા સાઇન મોટર સાયકલ નં-જી.જે.૦૩ એલ.એન.૭૪૬૮ સાથે જામનગર શહેરમા બેડેશ્વર ઓવર બ્રિજ નીચે રેલ્વે ફાટક પહેલ રોડ ઉપર મુદામાલ સાથે ઉભેલ છે અને ચોરીનો મુદામાલ સાથે લઇ જામનગર શહેરમા દાગીના વેચવા માટે આવનાર છે તેવી બાતમી આધારે ઉપોરકત્ત બંને શખ્સને ઝડપી લેવાયા હતા.ઉપરોકત્ત બન્ને આરોપીઓ પાસેથી સોના દાગીના ૧૬ ગ્રામ, ચાંદીના દાગીના ૬૦૦ ગ્રામ, રોકડ રકમ રૂ.૨૦ હજાર, એક બાઇક,આવ્યો હતો.આ બન્ને ઉપરાંત વધુ એક આરોપી હીરાનસિંગ લક્ષ્મણનસિંગ પટવા (રહે. બાવળા ગામ અમદાવાદ) પણ આ કેસમાં સંડોવાયેલ હોય જે હાલ ફરાર છે અને પોલીસ તેને ઝડપી પાડવા પોતાના ચક્રો ગતિમાન કર્યા છે.આ કાર્યવાહી એલસીબી પો.ઈન્સ. વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ. સી.એમ.કાટેલીયા, તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા એલ.સી.બી. સ્ટાફના, હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલાવડીયા, ઘનશ્યામભાઇ ડેરવાળીયા હિરેનભાઈ વરણવા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, કાસમભાઇ બ્લોચ, ભરતભાઇ ડાંગર, સુમીતભાઈ શીયાર, નિર્મળસિંહ એસ.જાડેજા, બળવંતસિંહ પરમાર, કિશોરભાઈ પરમાર,મયુરસિંહ પરમાર, રૂશિરાજસિંહ વાળા, ધર્મેન્દસિંહ જાડેજા, યુવરાજસિંહ ઝાલા, ભયપાલસિંહ જાડેજા, અજયભાઇ વિરડા, સુરેશભાઈ માલકિયા, ભાર-તીબેન ડાંગર, ધર્મેન્દ્રસિંહ એમ. જાડેજા, દયારામ ત્રિવેદી,

# ઊનાનાં વેપારી પાસે કોટનની ગાંસડીના બીલ મંજૂર કરવા લાંચ માગનાર બે ઝડપાયા

## ઊનામાં કોટનની ગાંસડીના બીલ મંજૂર કરવા ૭ લાખની લાંચ માંગી હતી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**





આ અંગેની મળતી વિગત મુજબ ઊનાનાં એક વેપારી પાસે કોટન કોર્પોરેશન ઈન્ડિયાનો કોમર્શિયલ ઓફિસર મહેશ બી. બીરલાએ ગાંસડીના બીલ મંજૂર કરવા રૂ.૭ લાખની લાંચની માંગણી કરી હતી. અને આ રકમ મલ્ટી ટાસ્કિંગ સ્ટાફનો કર્મચારી દિવ્યેશ નાથા સાગઠીયાને પહોંચાડવા કહ્યું હતું. આ કિસ્સામાં ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોય ફરિયાદીએ ગીર સોમનાથ એસીબી પો.સ્ટે.નો સંપર્ક કર્યો હતો. જેને લઈ બુધવારે ફરીયાદનાં આધારે લાંચના છટકાનું આયોજન કરી એસીબી એકમ જૂનાગઢનાં ઈન્ચાર્જ મદદનીશ નિયામક બી.એમ. પટેલનાં માર્ગદર્શન હેઠળ એસીબી પીઆઈ ડી.આર. ગઢવીએ પોરબંદર ફિલ્ડ પીઆઈ બી. કે. ગમારની સાથે છટકુ ગોઠવી મહેશ બી. બિરલા વતી દિવ્યેશ સાગઠીયાને રૂપિયા ૭ લાખની લાંચ લેતો રંગે હાથ ઝડપી લીધો હતો. અને મહેશ બિરલાને તેના ઘરેથી પકડી બંને વિરૂદ્ધ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ગુરૂપૂર્ણિમાના પાવન પર્વને હેતથી વધાવતા ભકતજનો







તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટઃ સમર્થ ગુરુજનોને વંદન કરવાનો આજે મહામુલો અવસર એટલે ગુરૂપૂર્ણીમાં! આજે આવો પાવનકારી દિવસ હોય શહેરભરમાં ગુરૂપૂજન, ગુરૂવંદના અને ભક્તિ સત્સંગના કાર્યક્રમોનું આયોજન થયુ છે. ગુરૂભક્તિમાં શિષ્યો ઓળઘોળ બન્યા છે. શહેરમાં આવેલ સદ્દગુરૂ શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ, શ્રી રામકૃષ્ણ આશ્રમ, ગાયત્રી મંદિર, સંકીર્તન મંદિર, ગીતા વિદ્યાલય સહીત ઠેરઠેર આજે ગુરૂ પૂજનના કાર્યક્રમો થયા હતા. મહાપ્રસાદ તેમજ ભજન, સત્સંગના કાર્યક્રમો પણ આયોજીત થયા છે. ભાવિકોએ ભાવસભર ગુરૂ વંદના કરી હતી. શાળા કોલેજોમાં પણ ગુરૂ પર્વની ઉજવણી કરાઇ હતી. તસ્વીરમાં શ્રી રણછોડદાસજી બાપુના આશ્રમ ખાતે વહેલી સવારથી જ ગુરૂદેવના પૂજન અર્ચન અને દર્શન માટે ઉમટી પડેલ ભાવિક ભકતોનો પ્રવાહ નજરે પડે છે. સદ્દગુરૂ આશ્રમે ભાવિકોને રક્ષાદોરીનું પણ વિતરણ કરાયુ હતુ.

# રાજકોટ દૂધ સંઘ દ્વારા નફાના રૂ.૬૦ કરોડ પશુપાલકોને ચુકવાયા

## વર્ષ ૨૦૨૪-૨૫માં રાજકોટ જિલ્લામાં દુધ ઉદપાદક સંઘે રૂ.૮૦ કરોડનો નફો કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**





તસવીર : આનંદ જાવીયા

રાજકોટ ડિસ્ટ્રી. કો-ઓપ. બેંકના ચેરમેનશ્રી, ઈફકોના ડિરેકટર અને યુવા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાના માર્ગદર્શન અને હાજરીમાં રાજકોટ દૂધ સંઘનાં અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા, ઈ.મેનેજીંગ ડિરેકટર અને નિયામક મંડળના સભ્યો દ્વારા સંઘ સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક હિતોને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૪-૨૫ નાં નફામાંથી રાજકોટ ડેરીના ઈતિહાસમાં સૌથી ઉચો પ્રતિ કીલો ફેટે રૂા.૬૦ લેખે ૮૨૧ મંડળીઓના ૬૦૫૯૦ દૂધ ઉત્પાદકોને કુલ રૂા.૬૦ કરોડ ની જંગી રકમનો વચગાળાનો અંતિમ દૂધ ભાવ ચુકવવાની જાહેરાત કરવામાં આવેલ. આ નિર્ણયથી પશુપાલકોને ચોમાસાની સીઝનમાં ઘાસચારા અને ખાણદાણના વધુ ખર્ચ સામે આર્થિક સહાયરૂપ થશે અને રાજકોટ ડેરીમાંથી સરેરાશ વધુ મળતા દૂધના ભાવના લીધે વધારે દૂધાળા પશુઓ રાખવા માટે પ્રેરાશે. આ જાહેરાત અંતર્ગત અને કેન્દ્ર સરકારશ્રીના '' સહકાર થી સમૃધ્ધિ '' પ્રોજેકટના ભાગરૂપે વિભાગના વિભાગીય વડાની ઉપસ્થિતિમાં માન.શ્રી જયેશભાઈ રાદડીયાના વરદ હસ્તે ૬૦૫૯૦ દૂધ ઉત્પાદકોનાં બેંક ખાતામાં અંતિમ દૂધ ભાવની રૂા.૬૦ કરોડની રકમ ઓનલાઈન ડાયરેકટ જમા કરવામાં આવી. સૌરાષ્ટ્રમાં ઉત્પાદકોનાં બેંક ખાતામાં ડાયરેકટ અંતિમ દૂધ ભાવની રકમ જમા કરાવવાની પહેલ કરનાર રાજકોટ દૂધ સંઘ પ્રથમ સંઘ છે આ સાથે દૂધ સંઘ સાથે જોડાયેલા રાજકોટ જિલ્લાના તાલુકામાંથી તેમજ મોરબી, જામનગર અને જુનાગઢ જિલ્લામાંથી મંડળીમાં વર્ષ દરમ્યાન વધુ દૂધ ભરાવેલ શ્રેષ્ઠ પશુપાલકોનું સન્માન કરવામાં આવ્યું.

આ સાથે જયેશભાઈ રાદડીયાએ જણાવેલ હતુ કે રાજકોટ દૂધ સંઘ દ્વારા જાહેર કરાયેલ રૂા. ૬૦ કરોડ ના વચગાળાના અંતિમ દૂધ ભાવથી પશુપાલકોને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવા માટે વધુ વેગ મળશે અને પોતાની આર્થિક સ્થિતીમાં સુધારો લાવી શકશે.

સંઘનાં અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયાએ જણાવેલ હતુ કે સંઘ દ્વારા કરકસર યુક્ત વહીવટ, દૂધની ગુણવતા અને દૂધ સંપાદન તેમજ માર્કેટીંગ વધવાને કારણે રાજકોટ ડેરીનાં ઈતિહાસમાં આ વર્ષે સૌથી વધુ નફો થયેલ છે. જેના કારણે આપણે પશુપાલકોને ઐતિહાસીક જંગી રકમ રૂા. ૬૦ કરોડનો અંતિમ દૂધ ભાવ ચુકવી શકેલ છે. સંઘે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂા.૧૧૪૨ કરોડનું ટર્નઓવર કરી રૂા.૮૦ કરોડનો જંગી કાચો નફો કરેલ છે. સંઘે સરેરાશ નફાની ૭૦% રકમ પશુપાલકોને પરત ચૂકવેલ છે.



# આજે રાજકોટ શહેર યુવા ભાજપ વોર્ડ નં.૧૭ પ્રમુખ શુભમભાઈ લાડવાનો જન્મદિવસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના વતની શુભમભાઈ લાડવાનો આજે જન્મદિવસ છે. આયુષ્યના ૨૪ વર્ષ પૂર્ણ કરીને તેઓ ૨૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. એક સામાજિક આગેવાન અને સેવાકીય પ્રવૃત્તિઓ કરતા આવ્યા છે તેઓ વ્યવસાયે વોક્સ ફેશન ક્લબના માલિક છે અને રાજકોટ શહેર ભાજપ યુવા મોરચાના વોર્ડ નં.૧૭ના પ્રમુખ અને સતાધાર યુવા ગ્રુપ રાજકોટના ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. તેમના સંબંધીઓ અને મિત્રો તેમના મોબાઈલ નંબર ૮૮૪૯૪ ૫૧૩૭૫ પર તેમને અભિનંદન આપી રહ્યા છે.

# રાજકોટ જીલ્લા પંચાયતની કારોબારીની બેઠકમાં રૂ.૭૦.૮૯ કરોડના વિકાસ કામને મંજૂરી



તસવીર : આનંદ જાવીયા

## કુલ ૭૮ દરખાસ્ત સાથે અરજન્ટ ૧૬ દરખાસ્તને અપાઇ લીલીઝંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ જીલ્લા પંચાયતની કારોબારી સમિતીની બેઠક ચેરમેન પી.જી.કયાડાની અધ્યક્ષતામાં મળી હતી જેમાં કુલ ૭૮ દરખાસ્તો રખાઇ હતી. તમામ દરખાસ્તોને કારોબારી સમીતીએ મંજૂર કરી કુલ ૭૦.૮૯ કરોડના નવા ટેન્ડર તથા વહીવટી વિકાસ કામોને લીલીઝંડી આપી હતી. ખાસ કરીને આજની બેઠકમાં આ ૭૮ દરખાસ્ત સિવાય ૧૬ અરજન્ટ દરખાસ્તને પણ મંજૂર કરાઇ હતી. જેમાં ૧૧ સિંચાઇની અને ૬ બાંધકામની હતી.



આજે મંજૂર કરાયેલ બાંધકામના ૩૨ કામોના ટેન્ડર માટે ૨૬ કરોડ ૯૭ લાખ, સિંચાઇના ૩૯ કામો માટે ૩૫.૮૫ કરોડ અને ૬ કામોની વહીવટી મંજૂરી સહિત રૂ.૪૩.૯૦ કરોડ મંજૂર કરાયા હતા. આજની બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી આનંદુ સુરેશ ગોવિંદ, નાયબ જીલ્લા વિકાસ અધિકારી, કારોબારી સમિતિના સભ્યો, પંચાયતની જુદીજુદી શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કલેક્ટરના અધ્યક્ષસ્થાને 'જિલ્લા માર્ગ સલામતી સમિતિ' ની બેઠક યોજાઈ

## હાઈવે - સર્વિસ રોડને સમથળ બનાવવા પેચવર્ક અને રિસરફેસિંગની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તાકીદ કરતા કલેક્ટર ઓમ પ્રકાશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઇ હતી, જેના અધ્યક્ષ અને કલેક્ટરશ્રીએ વરસાદ બાદ પ્રવર્તમાન સ્થિતિમાં ધોરી માર્ગો અને સર્વિસ રોડ પર પડેલા ખાડાઓની મરામત વહેલી તકે પૂર્ણ કરવા વિવિધ એજન્સીઓને ખાસ તાકીદ કરી હતી.



કલેકટરશ્રીએ ખાસ કરીને રાજકોટ-જેતપુર, રાજકોટ-ભાવનગર તેમજ રાજકોટ-અમદાવાદ હાઈવે, સર્વિસ રોડ પર પડેલા ખાડાઓને સમથળ બનાવી ચોમાસામાં વાહન ચાલકોને હાલાકી ન ભોગવવી પડે તે પ્રકારે કામગીરી કરવા ખાસ સુચના આપી હતી. સાથો સાથ હાઈવે ઉપર બાકી રહી ગયેલી પ્રિમોન્સુન કામગીરી પણ પૂર્ણ કરવા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોને સૂચના આપી હતી.

બેઠકમાં નેશનલ હાઇવે, આર.એન્ડ. બી. પંચાયત તેમજ સ્ટેટ, રૂડા સહીત વિવિધ એજન્સી દ્વારા રસ્તા કામગીરીની સમીક્ષામાં હાલમાં સાત હનુમાન પાસે રાજકોટથી અમદાવાદ તરફ જતા રસ્તા પરનો ફ્લાયઓવર ખુલ્લો મુકવામાં આવ્યો હોવાનું તેમજ રાજકોટ ભાવનગર હાઈવે પર રોડ મરમ્મતની કામગીરી અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી.

રોડ સેફટી કમિટીના મેમ્બરોએ ધોરાજી-ઉપલેટા હાઈવે પર સુપેડી ગામ પાસે થયેલ ગંભીર અકસ્માતની સ્થળ મુલાકાત લઈ અકસ્માતના કારણો અંગે સમીક્ષા કરી હતી. રાજકોટ જિલ્લાના બ્લેક સ્પોટ પર અકસ્માત નિવારણ અર્થે એન્જિનિયરિંગ કોલેજના પ્રોફેસરને સાથે રાખી સુધારા સૂચન આપવા પણ ખાસ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આર.ટી.ઓ. તેમજ પોલીસ વિભાગ દ્વારા રાજકોટ શહેરમાં પોલીસ હેડ ક્વાર્ટર, એસ.ટી. ડેપોમાં ડ્રાયવર તેમજ શાળા કોલેજ ખાતે યોજાયેલ રોડ સેફ્ટી સેમિનારની માહિતી પૂરી પાડી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, આસિસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, પ્રાંત અધિકારી ચાંદની પરમાર, આર.ટી.ઓ. કેતન ખપેડ, રોડ સેફ્ટી કાઉન્સિલના જે.વી. શાહ. રૂરલ એસ.પી. એસ.એસ. રાઘવેન્દુ, બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય સહિત શિક્ષણ, આર. એન્ડ. બી, ૧૦૮, નેશનલ હાઇવે ઓથોરિટી, રૂડા, એલ.એન્ડ.ટી. સહીત વિવિધ વિભાગના અધિકારી તેમજ પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓનું રાજકોટ મનપા દ્વારા સમારકામ કરાયું





### રાજકોટના મવડી-નાના મવા વિસ્તારમાં ૩૨૦ મીટર જેટલું પેચવર્ક કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓનું સમારકામ કરાયું હતુ.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે રાજકોટ શહેરમાં મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરાના નેજા હેઠળ મહાનગરપાલિકાની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. વાહન ચાલકોને તેમજ રાહદારીઓને હાલાકી ભોગવવી ન પડે તે માટે વિવિધ વિસ્તારોમાં રસ્તાઓનું સમારકામ કરવામાં આવી રહ્યું છે.

જે અંતર્ગત વોર્ડ નં -૧૧માં વગડ ચોકડી પાસે સીસી વર્ક - ૫૦ ચોરસ મીટરનું પેચ વર્ક, વગડ ચોકડીથી ટીલાળા ચોકડી સુધીમાં વેટમિક્સ મટીરિયલનું ૧૧૦ ચોરસ મીટર જેટલું પેચ વર્ક, બાપા સીતારામ ચોકથી અવધ ગદર રોડ વેટમિક્સ મટીરિયલનું ૧૫૦ ચોરસ મીટર જેટલું પેચ વર્ક તથા નાના મવા ચોક બી.આર.ટી.એસ. રૂટ ઉપર પેવિંગ બ્લોક સહિતનું ૧૦ ચોરસ મીટરનું પેચ વર્ક એમ થઈને કૂલ ૩૨૦ મીટરનુ પેચવર્ક કરવામાં આવ્યું હતું.

# રાજકોટ હેડ પોસ્ટ ઓફિસ તથા તમામ ડિવિઝનલ પોસ્ટ ઓફિસ ખાતે નવા સોફ્ટવેરમાં કામગીરીનો શુભારંભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પોસ્ટલ ડિવિઝનના સીનીયર સુપ્રિટેન્ડન્ટ એસ.કે.બુનકર દ્વારા રાજકોટ પોસ્ટ ઓફિસ તથા રાજકોટ પોસ્ટલ ડિવિઝનની તમામ પોસ્ટ ઓફિસ ખાતે નવા સોફ્ટવેર આઈ.ટી.૨.૦ નું રોલ આઉટ કરવામાં આવ્યું હતું. નવા સોફ્ટવેરથી લોકોને ઝડપી, સરળ અને વધુ વ્યવસ્થિત સેવાઓ મળશે તેમ સુપ્રિટેન્ડન્ટએ જણાવ્યું હતું.



આ તકે પ્રથમ ગ્રાહક પ્રકાશભાઈ દવે દ્વારા હેડ પોસ્ટ ઓફિસ ખાતેથી સ્પીડ પોસ્ટનું સફળતાપૂર્વક બુકિંગ કરવામાં આવ્યું હતું. તેમણે નવા સોફ્ટવેરને સફળતાપૂર્વક લાગુ કરવા માટે રાજકોટ રીજીયન, ડીવિઝન તથા રાજકોટ હેડ પોસ્ટ ઓફિસની ટેકનીકલ ટીમને બિરદાવી હતી.

આ પ્રસંગે રાજકોટ હેડ પોસ્ટ ઓફિસના સિનિયર પોસ્ટ માસ્તર કે.એસ.શુક્લા, રાજકોટ પોસ્ટલ ડિવિઝનના અધિકારીઓ જે.જે.ડાંગર, પી.એલ.જગતિયા, પી.એમ.ભલસોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# કૈલાશ માનસરોવર યાત્રાના રાજકોટ જિલ્લાના તમામ યાત્રાળુ સુરક્ષિત-જિલ્લા વહીવટી તંત્ર યાત્રાળુઓના અવિરત સંપર્કમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલમાં કૈલાશ માનસરોવર યાત્રા ચાલી રહી છે અને ખરાબ હવામાન, ભારે વરસાદ તેમજ બ્રીજ તુટવાનાં કારણે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજકોટ જિલ્લાના આ તમામ યાત્રાળુઓનો સંપર્ક કરતાં યાત્રાળુઓએ જણાવેલ છે કે હાલ તેઓ કૈલાશ માનસરોવર ખાતે પહોંચી ગયેલ છે તેમજ આ તમામ યાત્રાળુઓને કોઇ પણ જાતની અગવડતા નથી અને તમામ સુરક્ષિત છે. વધુમાં, તેઓ પોતાના શિડયુલ મુજબ આગળની યાત્રા પુરી કરશે અને તકેદારીના ભાગરૂપે ડાર્ચેનથી-સાગા-નયાલામ-જાંગમો-કોદારી અને ત્યારબાદ કાઠમંડુનો સુરક્ષિત રૂટ પસંદ કરેલ છે અને બાદમાં વતન તરફ પરત ફરશે. આમ, કૈલાશ માનસરોવર ખાતે ગયેલ તમામ યાત્રીઓ સહી-સલામત છે અને તેઓ ક્યાંય પણ ફસાયા ન હોવાનું જણાવેલ છે. જિલ્લા વહીવટી તંત્ર ઉકત તમામ યાત્રીઓનાં સતત સંપર્કમાં છે અને તેઓ વતન પરત ન ફરે ત્યાં સુધી સતત સંપર્કમાં રહેશે, તેમ જિલ્લા વહીવટી તંત્રની યાદીમાં જણાવાયું છે.

# કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઇ

### રાજકોટ જિલ્લાના ગામોમાં પાણી પુરવઠા યોજના સંબંધિત રૂ. ૬૧ લાખથી વધુના ખર્ચે વિવિધ કામોને અપાયેલી બહાલી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ (વાસ્મો)ની બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરએ વાસ્મો દ્વારા ચાલી રહેલા વિવિધ કાર્યોની માહિતી મેળવીને સમીક્ષા કરી હતી તેમજ જરૂરી સૂચનો આપ્યા હતા.

આ બેઠકમાં રાજકોટ જિલ્લાના તાલુકાઓના વિવિધ ગામોમાં હયાત બોર પર પમ્પિંગ મશીનરી સપ્લાય કરવાની કામગીરી, ભૂગર્ભ સંપ બનાવવાની કામગીરી તેમજ ગત બેઠકોમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાના અન્ય વિવિધ પ્રસ્તાવિત રૂ. ૬૧.૫૬ લાખના ખર્ચે થનાર ૧૫ કામોને સમિતિ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત, અન્ય વિભાગોની પાણીને લગત યોજનાઓના કામોને મળેલ સૈધ્ધાંતિક મંજુરીના પ્રગતિના કામો અંગે કલેકટરએ જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, ડી.આર.ડી.એ.ના નિયામક એ.કે.વસ્તાણી, પ્રાંત અધિકારી ચાંદની પરમાર અને વિમલ ચક્રવર્તી, પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેર અંકિત ગોહેલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નેશનલ હાઈવે ઓથોરિટી, રાજકોટ ડિવિઝન દ્વારા રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર માર્ગ સમારકામ કરાયું





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં અનેક વિસ્તારોમાં પડેલા ભારે વરસાદના કારણે રોડ નેટવર્ક પ્રભાવિત થયું છે. આ રોડ નેટવર્કને ફરી યથાવત કરવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તત્કાલ મરામત હાથ ધરાય તેવા દિશાનિર્દેશો આપ્યા છે. યાતાયાત સુચારુ બને તે માટે નેશનલ હાઈવે ઓથોરિટી, રાજકોટ ડિવિઝન દ્વારા -૨૭ રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર સુરેન્દ્રનગર નજીક સાયલા ચોકડી, લીમડી રસ્તા પર મરામત કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રસ્તા પર પડેલા અવરોધક કાટમાળને દૂર કરી રોડ પર પેચ વર્ક કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૬૧૮ કિ.મી. લાંબો એન.એચ.-૨૭ રાજકોટ- અમદાવાદ હાઈવે રાજકોટ જિલ્લાને રાજયની રાજધાની નજીક જોડતો હાઈવે છે. જેના દ્વારા રોજિંદા લાખો માલ વાહનો અને લોકો આવાગમન કરે છે, જેમની સુરક્ષા અને સુગમતા હેતુ હાઈવે ઓથોરિટી દ્વારા રોડ પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે.

# રાજકોટ જિલ્લામાં ૧૩ જુલાઈ સુધીમાં છૂટાછવાયા મધ્યમ વરસાદની શક્યતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં તા. ૯થી ૧૩ જુલાઈ દરમિયાન છૂટાછવાયા મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના ગ્રામીણ કૃષિ મોસમ સેવા વિભાગ, તરઘડીયા દ્વારા આગાહી કરવામાં આવી છે કે, રાજકોટ જિલ્લામાં ૯થી ૧૩ જુલાઈ સુધીમાં ભેજવાળું અને વાદળછાયું હવામાન રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૯થી ૩૩ ડિગ્રી જ્યારે લઘુતમ તાપમાન રાત્રિ તાપમાન ૨૪-૨૫ ડિગ્રી જેટલું રહેવાની સંભાવના છે. જ્યારે મહત્તમ ભેજનું પ્રમાણ ૮૬-૮૭ ટકા તથા લઘુતમ ભેજનું પ્રમાણ ૬૦-૬૭ ટકા રહી શકે છે. પવનની દિશા નૈઋત્યની રહેવાની અને પવનની ઝડપ ૧૪થી ૧૭ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

# ઘેલા સોમનાથ મંદિર ખાતે લોકમેળાના આયોજન માટે તા. ૧૬ જુલાઈએ વિવિધ સ્થળોની હરરાજીનુ આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના સોમપીપળીયા સ્થિત શ્રી ઘેલા સોમનાથ મંદિર ખાતે આગામી શ્રાવણ માસમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવશે. શ્રાવણ માસ દરમિયાન અહીં લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. લોકમેળા અન્વયે શ્રી ઘેલા સોમનાથ મંદિર હસ્તકના ગોડલાધાર રોડ પરનું, મોઢુકા રોડ પરનું, નવાગામ રોડ પરના પાર્કિંગ, મંદિર પરિસર આસપાસના તમામ ૧૨૭ સ્ટોલ અને શ્રી ઘેલા સોમનાથ શોપિંગ મોલની કુલ ૧૫ દુકાનો તા.૨૫/૦૭/૨૦૨૫થી તા.૨૩/૦૮/૨૦૨૫ સુધી ભાડે આપવાનું નક્કી કરવામાં આવેલ છે. આ જગ્યાની હરરાજી તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ શ્રી ઘેલા સોમનાથ મંદીર ખાતે બપોરના ૩-૦૦ કલાકે રાખવામાં આવી છે. તમામ જગ્યાની હરરાજીની અપસેટ કિંમત કુલ રૂ.૫૪ લાખ રાખવામાં આવેલ છે. આ માટે રસ ધરાવતી પાર્ટીઓએ હરરાજીમા જોડાવવા અનુરોધ કરવામાં આવે છે. વધુ વિગતો માટે શ્રી હિરેનભાઈ મકાણી, વહીવટદાર ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટ મો. ૯૭૨૪૬ ૦૬૧૦૧નો સંપર્ક કરવાનો રહેશે.

આ હરરાજીમાં જોડાવા માટે અગાઉ સ્થળ પર જઈને તમામ જગ્યાનું સ્થળ નિરીક્ષણ જે-તે પાર્ટીએ કરી લેવાનું રહેશે. જગ્યા જે સ્થિતીમાં છે તે જ સ્થિતિમાં ઉપયોગ કરવાનો રહેશે અને મંદિર ટ્રસ્ટને પરત સોંપવાની રહેશે. જયાં વિજ કનેકશનની જરૂરીયાત હશે તે જગ્યાએ લાઈટ કનેકશન જે તે પાર્ટીએ લેવાનું રહેશે. વિજ કનેકશન મેળવવા માટે મંદિર ટ્રસ્ટ તરફથી સહયોગ આપવામાં આવશે. તમામ સ્થળની હરરાજી અલગ-અલગ કરવામાં આવશે.

હરરાજીમાં ભાગ લેનાર પાર્ટીએ સિક્યોરીટી તરીકે ખેતીલાયક જમીનના ૭/૧૨, ૮-અ રજૂ કરવાના રહેશે. ભાગ લેવા ઈચ્છુક વ્યકિત/પાર્ટીએ ડિપોઝીટ પેટે રૂ.૧,૫૧,૦૦૦/- હરરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાના રહેશે. ત્યાર બાદ જ હરરાજીમાં ભાગ લઈ શકશે.હરરાજીમાં ભાગ લેનાર સૌથી ઉંચી બોલી બોલનાર પાર્ટીએ આખરી બોલીની ૫૦ % રકમ હરરાજી પૂર્ણ થયા બાદ તુરંત ભરપાઈ કરવાની રહેશે અને બાકીની ૫૦% રકમ શ્રાવણ માસના ૧૫ દિવસ પૂર્ણ થયે ભરપાઈ કરવાની રહેશે. આ અંગે આખરી નિર્ણય સભ્ય સચિવશ્રી શ્રી ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટ અને મામલતદાર જસદણનો રહેશે તેમ સભ્ય સચિવ શ્રી ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

# ૧૦ અને ૧૧ જુલાઈ ના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટેકનિકલ કારણોસર, ૧૦ અને ૧૧ જુલાઈ, ૨૦૨૫ ના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે. રદ કરાયેલી ડેમુ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

(૧) ટ્રેન નંબર ૭૯૪૫૨ મોરબી-વાંકાનેર, (૨) ટ્રેન નંબર ૭૯૪૪૨ મોરબી-વાંકાનેર, (૩) ટ્રેન નંબર ૭૯૪૫૪ મોરબી-વાંકાનેર, (૪) ટ્રેન નંબર ૭૯૪૪૪ મોરબી-વાંકાનેર, (૫) ટ્રેન નંબર ૭૯૪૪૬ મોરબી-વાંકાનેર, (૬) ટ્રેન નંબર ૭૯૪૪૮ મોરબી-વાંકાનેર, (૭) ટ્રેન નંબર ૭૯૪૪૧ વાંકાનેર-મોરબી, (૮) ટ્રેન નંબર ૭૯૪૪૩ વાંકાનેર-મોરબી, (૯) ટ્રેન નંબર ૭૯૪૫૩ વાંકાનેર-મોરબી, (૧૦) ટ્રેન નંબર ૭૯૪૪૫ વાંકાનેર-મોરબી, (૧૧) ટ્રેન નંબર ૭૯૪૪૭ વાંકાનેર-મોરબી, (૧૨) ટ્રેન નંબર ૭૯૪૫૧ વાંકાનેર-મોરબી.

રેલ યાત્રીઓને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# રામપાર્કમાં વેપારીને મરવા મજબુર કરવાના કેસમાં આરોપીની ધરપકડ

### બે માસ પૂર્વે યુવાને વીડિયો બનાવી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયાના રામપાર્કમાં ઓટોપાર્ટના વેપારી કમલેશ મુકેશભાઈ સરેરિયાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.યુવાન વેપારીએ આપઘાત કરતા પરિવાર ઘેરા આઘાતમાં છે. વેપારીએ આપઘાત કરતા પહેલા વીડિયો બનાવ્યો હતો. આ વીડિયોમાં વેપારીએ જણાવ્યું કે બે લોકો જાકિર આમદ દલ અને સલીમ અસલમ દલએ ધમકીઓ આપી હોવાથી તે આ અંતિમ પગલુ લઈ રહ્યો છે.યુવાન વેપારીની આત્મહત્યાનો મામલો સામે આવતા આજીડેમ પોલીસ સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. મૃતકના પરિજનોએ વેપારીના આપઘાત મામલે ન્યાયની માંગણી કરતા જવાબદારો સામે કાયદાકીય કાર્યવાહીની માગ કરી હતી. આ ફરિયાદમાં મૃતકના માતાએ ફરિયાદ નોંધાવી હતી કે, બાપુનગરમાં ઈશાન મુસ્તુફાભાઈ કાસમાણી નામના શખ્સની હત્યા થઈ હતી. આ યુવાનની હત્યામાં ત્રણ લોકોની પોલીસે અટકાયત કરી હતી. આ ત્રણમાંથી એક શખ્સ અને અન્ય એક શખ્સના પિતા પણ વેપારી કમલેશને ત્યાં નોકરી કરતા હતા. વેપારીને ત્યાં નોકરી કરનાર ગુનેગાર અને તેમની સાથે સંબંધ રાખતા હોવાથી વેપારી કમલેશભાઈના પરિવારે આ લોકોને ભાડે આપેલ ઘર ખાલી કરવા કહ્યું હતું. વેપારીએ મદદની ના પાડતા અને ઘર ખાલી કરવાનું કહેતા આ માથાભારે શખ્સોએ અદાવત રાખી વેપારીને ધમકી આપી હતી. માથાભારે શખ્સોએ કમલેશ પ્રજાપતિને ધમકી આપતા કંટાળીને યુવાન વેપારીએ પોતાના ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ મામલે બાપુનગર એકતા કવાર્ટરમાં રહેતા જાકિર આમદભાઈ દલની ધરપકડની કામગીરી પેરોલ ફર્લો સ્કોવર્ડના પીઆઇ ભાર્ગવસિંહ એમ. ઝણકાટની રાહબરીમાં પીએસઆઈ જે.જી. તેરૈયા, એ.એસ.આઈ. અમૃતભાઈ મકવાણા, ઝહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, શાંમતભાઈ ગઢવી, રાજદીપસિંહ ચૌહાણ, સીરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને દોલતસિંહ રાઠોડએ કરી હતી.

# માલિયાસણમાં ખખડધજ રોડ- રસ્તા પ્રશ્ને ગ્રામજનોમાં ભારે રોષ,ચક્કા જામ

### દોઢ કિમી રસ્તો પસાર કરવા માટે ૧૫ મિનિટ લાગી જાય તેવા ખાડાગ્રામજનોએ વાહનો રોકીને તંત્ર સામે વિરોધ પ્રદર્શીત કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માલિયાસણનો રસ્તો બિસમાર બનતા અને તંત્ર દ્વારા સમારકામમાં વિલંબ થતા ગ્રામજનોએ રસ્તા રોકો આંદોલન કર્યું હતું.

રાજકોટ-અમદાવાદ ધોરી માર્ગ ઉપર માલિયાસણ આવેલું છે ત્યાં દોઢ કિમીનો રસ્તો એટલો ખરાબ થઈગયો છે. વાહન આ રસ્તેથી પસાર કરવામાં ૧૫ મીનીટ જેટલો સમય વેડફાય છે. સ્થાનિક સ્તરેથી આ રોડના રિપેરીંગમાટે માગણી ઉઠાવવામાં આવી હતી. રસ્તા રોકો આંદોલન કરનારાઓએ કહયું હતુ કે, અમારા ગામ આસપાસ ધોરીમાર્ગ

ધોવાઈગયોછે. મોટા મોટા ખાડા પડેલા છે તેના રિપેરીંગ કરવા તંત્ર દેખાયું નથી. આવા રસ્તાને કારણે અમારા વાહનોને પણ નુકશાન થાય છે. તંત્ર તાકિદે રિપેરીંગ નહિ કરે તો અમે ઉગ્ર લડત છેડીશું. રાજકોટથી નાકરાવાડી સુધીનો રસ્તો પણ બિસમાર થયો છે તેના રિપેરીંગ માટે પણ માગણી ઉઠી છે.

# વરસાદની ઋતુમાં સ્વસ્થ રહીએ.. આપણી આસપાસ સ્વચ્છતા રાખીએ..

### જાણીએ.. ચોમાસા દરમિયાન તંદુરસ્ત રહેવા અને બાળકોને ઝાડા રોગથી બચાવવાનાં પગલાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**સંકલન - માર્ગી મહેતા**

સમગ્ર રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદના પગલે પાણી તેમજ જીવજંતુઓના ઉપદ્રવ વચ્ચે સ્વાસ્થ્ય નબળું પડવાની સંભાવના રહે છે. ત્યારે રોગોથી બચવા આપણે સૌએ તકેદારી રાખવી જરૂરી છે.

માદા એનોફીલીસ મચ્છર થકી મેલેરિયા રોગ, જ્યારે માદા એડીસ મચ્છરોના કરડવાથી ડેન્ગ્યુ અને ચિકનગુનિયા થાય છે. તેમજ ઝુંપડપટ્ટી વિસ્તારનાં બાળકો સૌથી વધારે ઝાડાના રોગથી પ્રભાવિત થાય છે. જેથી, ચેપી રોગના નિયંત્રણ માટે સહિયારા પ્રયાસો કરવા અનિવાર્ય છે. ચોમાસા દરમિયાન તંદુરસ્ત રહેવા અને બાળકોને ઝાડા રોગથી બચાવવાના પગલાં જાણીએ.

#### વર્ષાઋતુમાં સ્વાસ્થ્યલક્ષી સાવચેતી

- સમગ્ર પરિવારે પાણી ઉકાળીને પીવું જોઈએ.
- હળવો, સુપાચ્ય (ઝડપથી પાચન થાય એવો) ખોરાક લેવો જોઈએ.
- બહારનો ખોરાક કે વાસી ખોરાક ન ખાવો જોઈએ.
- ઘરમાં સ્વચ્છતા રાખવી જોઈએ.
- કોઈપણ જગ્યાએ વરસાદી પાણી ન ભરાઈ રહે એનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. જેથી, માખીજન્ય રોગથી બચી શકાય.
- ઘરમાં ગૂગળ, લોબાન, મીઠું, લીમડાં અને નગોડાના પાનનો ધૂપ કરવો જોઈએ.

#### બાળકોને ઝાડાના રોગથી બચાવવાનાં સૂચનો

- પૂરતો, સ્વચ્છ, પોષણયુક્ત પૌષ્ટિક આહાર કરવાથી શરીરમાંથી પાણી અને જરૂરી ક્ષારનું પ્રમાણ જાળવી શકાય છે.
- સ્વચ્છ પાણી, સ્તનપાન, યોગ્ય પોષક આહાર, સ્વચ્છ વાતાવરણ, હાથ ધોવાની આદત વગેરે થકી ઝાડા અટકાવી શકાય છે.
- બાળકને ઝાડા દરમિયાન ઓ.આર.એસ. (ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન) અને ૧૪ દિવસ સુધી ઝિંકની ગોળીઓ આપવી જરૂરી છે.
- માતાનું દૂધ અને પ્રવાહી પદાર્થ આપવાનું ચાલુ રાખવું જોઈએ.
- બાળકના મળનો ઝડપી અને યોગ્ય નિકાલ કરવો જોઈએ.
- ઝાડા દરમિયાન અને ઝાડા મટી ગયા પછી વધારે માત્રામાં પ્રવાહી આપવાનું ચાલુ રાખવું જોઈએ.
- શુદ્ધ પાણીનો પીવા માટે ઉપયોગ કરવો જોઈએ.
- માતાએ જમવાનું બનાવતા પહેલા, બાળકને જમાડતા પહેલા અને બાળકનું મળ સાફ કર્યા પછી હાથ સાબુ વડે ધોવા જોઈએ.
- બાળકોને ઝાડા થયા હોય ત્યારે નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ.

# સૌરાષ્ટ્રના અનેક પુલ જર્જરીત દુર્ઘટના થાય ત્યારે જ જાગવાની આદત!

આણંદ પાસેનો પુલ પડી જવાની કરૂણ ઘટનાના પડઘા સરકાર સુધી પડયા છે. તપાસ શરૂ થઈ છે પરંતુ અગાઉ મોરબી ઝુલતા પુલ, હવે આણંદની ઘટનાઓ વચ્ચે સૌરાષ્ટ્રમાં આવા અનેક જર્જરીત અને જોખમી પુલ હોવાની વિગતો ફરી બહાર આવી છે. મોરબી જિલ્લાના હળવદના ટીકરનો પુલ પણ આવી હાલતમાં છે. જેના પર સતત થીગડા મારવાનું ચાલુ છે.આ પુલ પરથી એ ૩ડી વાહનો રોજ પસાર થાય છે. તો ખંભાળિયાનો કેનેડી પુલ તત્કાલ બંધ કરી દેવાયો છે. ઉજવની નદી પરના પુલને પણ નવો બનાવવા રજૂઆત કરાઈ છે. વીરપુર અને પોરબંદરમાં પણ આવી હાલત છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# નવા બસપોર્ટમાં પાસ બારીએ સર્વર ઠપ્પ થતા વિદ્યાર્થીઓની લાંબી કતારો લાગી



ગમે ત્યારે બારી બંધ થઈ જતા વિદ્યાર્થીઓને ધરમના ધક્કા થાય છે, મુસાફર હિતરક્ષક સમિતિની બસ પોર્ટના ડેપો મેનેજરને રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ એસટી બસ પોર્ટ પર પાસ કઢાવવાની પ્રક્રિયામાં સર્વર ઠપ્પ થઈ જતા વિદ્યાર્થીઓને કલાકો સુધી લાઇનમાં ઉભા રહેવુ પડયુ હતું અને લાંબી કતારો લાગી હતી. તેમજ અનેક વિદ્યાર્થીઓ પાસ કઢાવ્યા વગર જ જતા રહ્યા હતા.

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલા સહિતનાઓની સંયુક્ત યાદી જણાવે છે કે શૈક્ષણિક હબ બની ગયેલા રાજકોટ શહેરમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ગામ્ય વિસ્તારોમાંથી આવે છે. તેમજ આ વિદ્યાર્થીઓ એસટી બસમાં મુસાફરી કરવા માટે પાસ કઢાવતા હોય છે. પરંતુ બુધવારના રોજ પાસ બારીએ સર્વર ઠપ્પ થઈ જતા વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો અને અનેક વિદ્યાર્થીઓ પાસ કઢાવ્યા વગર વળી ગયા હતા. જેથી સમિતી દ્વારા ડેપો મેનેજરને તાત્કાલિક ધોરણે સમસ્યા નિવારવા અને જૂના સમય મુજબ સવારે ૭ વાગ્યે પાસ બારી ખોલવા તેમજ બારીની આસપાસ બેઠક વ્યવસ્થા ગોઠવવા રજુઆત કરી છે.

# મોરબીમાં વિદેશી દારૂની પાંચ બોટલ સાથે યુવક ઝડપાયો

દારૂના ૧૦૦ લીટર આથા સાથે મહિલા પકડાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રણછોડનગર વિસ્તારમાં જલારામ અપર્ટમેન્ટની પાછળ જાહેરમાં વિદેશી દારૂ રોયલ સ્ટગ વ્હિસ્કીની ૫ બોટલ સાથે આરોપી સાગરભાઈ કાંતિભાઈ પલાણ ઉવ.૩૨ રહે.જલારામ એપાર્ટમેન્ટ સેન્ટમેરી સ્કૂલની પાછળ મોરબી-૨ વાળાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે પોલીસે કુલ ૬,૫૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપીની અટકાયત કરી પ્રોહી.એક્ટ હેઠસલ ગુનો નોંધી બી ડિવિઝન પોલીસે વધુ તપાસની તજવીજ હાથ ધરી છેમોરબી સીટી બી ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે નજરબાગ નજીક ગાંધી સોસાયટીની છેલ્લી શેરીમાં આવેલ હિતેશભાઈ બોચીયાના રહેણાંક ખાતે રેઈડ કરતા, જ્યાંથી ગોડ ફાધર બિયરના ૧૩ ટીન કિ.રૂ.૧,૭૫૫/- મળી આવ્યા હતા, આ સાથે આરોપી હિતેશભાઈ પ્રેમજીભાઈ બોચીયા ઉવ.૨૭ પોલીસે અટક કરી તેની વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની તોએ ચલાવી છે.

મોરબી શહેરના વજેપર શેરી નં.૨૪ માં રહેતી મહિલા પોતાના રહેણાંક મકાનમાં દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો રાખી તેનું વેચાણ કરે છે, તે પ્રકારની મળેલ બાતમીને આધારે સીટી એ ડિવિઝન પોલીસે મહિલાના મકાનમાં રેઈડ કરતા, જ્યાં રેઈડ દરમિયાન આરોપી જીગુબેન હકાભાઈ ચૌહાણના રહેણાંક મકાનમાંથી દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવામાં આવતો ઠંડો આથો લીટર ૧૦૦ કિ.રૂ.૨,૦૦૦/- મળી આવ્યો હતો, જેથી તુરંત મહિલા આરોપીની અટક કરી તેની સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ન્યુપરસાણાનગર ચોકથી કણકોટનો રસ્તો રિપેર નહિ થતા લોકોમાં ભારે રોષ, ચક્કાજામ

૩ સ્થાનિક લોકોએ તંત્રને જગાડવા માટે લડતના મેદાનમાં ઉતરવું પડયું, રસ્તા રોકી વિરોધ પ્રદર્શન કર્યું, તંત્ર રોડ રિપેર કરી પહોળો નહિ કરે તો ઉગ્ર આંદોલન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૧૮ ઈંચ વરસાદમાં પણ શહેરના રસ્તાની હાલત દયનીય બની છે ત્યારે વોર્ડ નં.૧૧માં ન્યુ પરસાણાનગરથી કણકોટનો રસ્તો બિસમાર થતા અને તંત્ર દ્વારા તેને રિપેર કરવામાં ધ્યાન નહિ અપાતા સ્થાનિક સ્તરેથી લોકો મેદાનમાં ઉતર્યા હતા અને રસ્તા રોકો આંદોલન કરી ચક્કાજામ કરી નાખ્યું હતું.રસ્તા રોકી ઉભા રહી ગયેલા લોકોએ કહયું હતું કે, અમારા વાહનો અને હાડકાનો ખો બોલાવે. તેવો રસ્તો થઈ ગયોછે. ફૂટ ફૂટના ખાડા પડી ગયા છે અને તેના રિપેરીંગની



અમારી માગણી તરફ કોઈ ધ્યાન નહિ અપાતા અમે લડત છેડી છે.આ રસ્તો પહોળો કરવા માટે પણ અમારી લાંબા સમયથી માગણી ઉઠાવાયેલી છે. ૪ મિટરનો રસ્તો ૧૨ મીટરનો કરવા માટે મંજૂરી મળી ગઈ છે પણ તંત્ર કામ શરૂ કરતુ નથી.

રસ્તા રોકી દઈ ખાડા રિપેર કરવા માટે માગણી ઉઠાવનારા લોકોએ કહયું હતું કે, આ વિસ્તારમાં અમે રહીએ છીએ અમારા બાળકોની સ્કૂલે આ રસ્તા ઉપરથી જવાનું થાય છે. રસ્તો ખખડધઝ થઈ ગયોછેપણ તેના રિપેરીંગ માટે તંત્ર ધ્યાન નથી આપતું. અમારા નગરસેવકોએ પણ રસ્તા મામલે અમારી પીડા સમજી નથી. અમારે પોતે લડત છેડવી પડી છે. આ રસ્તો મેઈન ચોકનો હોવાથી અમારે આ રોડનો ઉપયોગ કાયમ કરવાનો થાય છે. તંત્ર કોઈ કાર્યવાહી કરતુ નથી. અમારી આજની લડત તંત્રને જગાડવા માટેની હતી. આમ છતા કોઈ કાર્યવાહી નહિ થાય તો ઉગ્ર આંદોલન પણ છેડવામાં આવશે.

# લોકમેળાનું ભાવિ અધ્ધરતાલઃ હજુ માત્ર ૨૫ ફોર્મ ભરાતા તંત્રમાં ચિંતા

ફોર્મ વિતરણનો અંતિમ દિવસઃ રાઇડસ સંચાલકોનો માર્ગદર્શિકાનો મુદ્દો અણઉકેલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જીલ્લા કલેકટર અને લોકમેળા સમિતિ દ્વારા આગામી તારીખ ૧૪ ઓગસ્ટથી ૫ દિવસનાં શહેરનાં રેસકોર્ષ ગ્રાઉન્ડમાં આયોજીત કરાયેલ લોકમેળો ચકરાવે ચડી ગયેલ છે.લોકમેળાની રાઈડસની એસઓપીના મામલે રાઈડસ સંચાલકોએ અત્યાર સુધીમાં એક પણ ફોર્મ સબમીટ કરાવેલ નથી. બીજી તરફ લોકમેળાનાં ૨૩૮ સ્ટોલ સામે હજુ માત્ર ૨૫ જ ભરાયેલા ફોર્મ વહીવટી તંત્રમાં સબમીટ થવા પામેલ છે. આવતીકાલે ફોર્મ વિતરણનો અંતિમ દિવસ છે. જયારે ભરાયેલા ફોર્મ સબમીટ કરવાની છેલ્લી મુદત શુક્રવારની જાહેર કરવામાં આવેલ છે.લોકમેળા માટે આ વખતે રાઈડસ સંચાલકોએ મોઢુ ફેરવી લીધા બાદ સ્ટોલધારકોએ પુરતી સંખ્યામાં ફોર્મ સબમીટ નહિં કરાવતાં વહિવટી તંત્રની ચિંતા વધી છે.

અગાઉ નવા જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે જો રાઈડસ સંચાલકો આ મેળામાં ભાગ નહિં લે તો મેળા માટે પ્લાન-બી વિચારવામાં આવશે. તેવુ જાહેર કરાયું હતું.જેથી હવે પ્લાન-બી માટે અધિકારીઓએ દોડધામ શરૂ કરી દીધી છે.કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા એવુ જાહેર કરાયુ હતું કે લોકમેળાનાં પ્લાન-બીમાં અવનવા મનોરંજન કાર્યક્રમો તેમજ લોકોને મોજ પડે તેવી અવનવી સ્પર્ધાઓના આયોજન લોકમેળા માટે વિચારવામાં આવશે.

# મેઘાલય ક્રિકેટ એસો.ના રેફરીની ઓળખ આપી પ્રેક્ટિસના નામે ગઠિયાએ આચરી છેતરપિંડી

સૈરાષ્ટ્ર યુનિ.માં પી.એચ.ડી. કરતા શખ્સે ઠગાઈ કર્યાની ફરિયાદ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેઘાલય ક્રિકેટમાં પ્રેક્ટિસના નામે રાજકોટના બાળકો સાથે છેતરપીંડી થયાનો બનાવ સામે આવ્યો છે. સૌરાષ્ટ યુની. માં પીએચડી કરતો ભુજનો પ્રજ્ઞેશ બારહટ મેઘાલય ક્રિકેટ એસોસીએશનમાં રેફરી તરીકે પસંદગી સમિતિમાં નિમણૂક થયેલની વાત કરી વાલીઓને ફસાવી રૂ. ૪૪ હજાર ઓળવી જતાં બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.આ બનાવ અંગેની -વિગતો મુજબ, મોરબી રોડ પર ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતાં મેહુલકુમાર મુકેશભાઈ ધોળકીયા (ઉવ ૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પ્રજ્ઞેશ હનુભા બારહટ (રહે. ભુજ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓને સંતાનમાં એક ૧૬ વર્ષનો પુત્ર છે, જે હાલ ધોરણ ૧૧ માં અભ્યાસ કરે છે તથા સાથે ક્રિકેટની એકેડમી કુવાડવા રોડ ખાતે પ્રેકટીસ કરે છે. ગત ફેબ્રુઆરી માસમાં સૌરાષ્ટ યુનિવર્સિટી ખાતે સ્પોર્ટ્સમાં નોકરી કરતા તેમના મિત્ર ચીંતનભાઈ રાવલને સૌરાષ્ટ યુનિવર્સિટી ખાતે પી.એચ.ડી. કરતા આરોપી પ્રજ્ઞેશ બારહટએ જણાવેલ કે, તે મેઘાલય ક્રિકેટ એસોસીએશનમાં રેફરી તરીકે પસંદગી સમિતિમાં નિમણૂક પામેલ છે, તમારા તેમજ તમારા મિત્રના બાળકોને ઈન્ટરનેશનલ ક્રિકેટમા ભાગ લેવો હોય તો રૂપિયા ૧૫ હજાર આપી ૨૦ દિવસ માટે રહેવા જમવાની સુવિધા સાથે તમામ સુવિધા મેઘાલયમાં આપવામાં આવશે આવી વાત પ્રગ્નેશએ ચીંતનભાઈને કરેલ હતી. જેથી ચીંતનભાઈએ ફરિયાદીને કહેલ કે, તમારો દિકરો પ્રેમ ક્રિકેટમા આગળ વધવા માંગતો હોય તો તમે આ પ્રશ્નેશને ફોન કરી જાણી લેજો તેવી વાત કરેલ જેથી પ્રગ્નેશને ફોન કરતા જણાવેલ કે, તમારે તમારા બાળકને ક્રિકેટ માટેનુ રજીસ્ટ્રેશન કરાવવુ હોય તો તમારે રૂ. ૧૪૭૦૦ પુરા આપવા પડશે જેથી તેની ઉપર વિશ્વાસ આવતા ફી ના રૂપિયા આપવા માટે ચિંતનને ગઈ તા. ૧૮/૦૨/૨૦૨૫ ના રૂ.૧૪૭૦૦ ગુગલ પે કરી આપેલ હતાં. તેમજ ચીંતનભાઈએ તેના મીત્ર હિરેનભાઈ રાઠોડ અને રવિન્દ્રભાઈ

ભટ્ટના દિકરાને પણ ક્રિકેટ પ્રેકટીસમા મોકલવો હોય અને જેથી તેઓ બંન્નેએ પણ ચીંતનભાઈ મારફત આરોપીને રૂ. ૧૪૭૦૦ ટ્રાંસફર કરી આપેલ હતાં. બાદમાં પ્રગ્નેશ બારહટએ તેઓને બાળકોના નામો વાળી ફલાઈટ ટીકીટ તથા મેઘાલય ક્રિકેટ એસોસિએશના નામ વાળો લેટર પેડ વોટસેઅપમા મોકલેલ અને બાદ પ્રગ્નેશનો ફોન આવેલ કે, મેઘાલય ક્રિકેટ એસોસીએશનને આ પ્રેક્ટીશ કોઈ કારણોસર કેન્સલ કરેલ છે જેથી હવે જવાનુ થશે ત્યારે તમને જાણ કરીશું તેમ જણાવેલ હતુ.બાદમાં આરોપીને ફોન કરતા તેઓ ફોન ઉપાડતા ન હોઈ અને આજ સુધી તેને કોઇ કોન્ટેક કરેલ નથી. તેમજ જાણવા મળેલ કે, પ્રગ્નેશએ તેઓની જેમ અન્ય વ્યક્તિઓ સાથે પણ વિશ્વાસઘાત કરેલ છે. જેથી ફરીયાદી અને અન્ય લોકો પાસેથી મેઘાલય ક્રિકેટ એસોસિયેશનમાં પ્રેક્ટીશ કરવાના બહાને આરોપીએ રૂ.૪૪૧૦૦ ઉઘરાવી છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી.

# કાળીપાટ ગામ પાસે સ્વીફ્ટ કારમાં ૧૦ કિલો ગાંજા સાથે શખ્સ ઝડપાયો

એસઓજીની ટીમે બાતમીના આધારે ભાવનગર-રાજકોટ હાઇવે પર વોંચ ગોઠવી'તીઃ કાર સહિત રૂ.૭.૦૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં શાળા-કોલેજોની આસપાસ ડ્રગ્સ પેડલરો પડયા પાથર્યા રહેતા હોય અને યુવાનોને નશાના રવાડે ચડાવી યુવાધન બરબાદ કરી રહ્યાની ફરીયાદો બાદ રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા શહેરમાં યુવાધન નશાના રવાડે ન ચડે અને નાર્કોટીશ પદાર્થોનું વેંચાણ અટકાવવા સે નોટુ ડ્રગ્સ મીશન શરૂ કરવામાં આવ્યું હોય આ મીશન અંતર્ગત એસઓજીના પીઆઇ એસ.એમ.જાડેજા સહિતના સ્ટાફે શહેરમાં માદક પદાર્થનું વેંચાણ કરતા શખ્સો પર બાજ નજર રાખવામાં આવી રહી છે ત્યારે રાજકોટ - ભાવનગર હાઇવે પર કાળીપાટ ગામ પાસે સ્વીફ્ટ કારમાં દસ કિલો ગાંજા સાથે ધનશ્યામ નગરમાં રહેતા શખ્સને દબોચી લઇ રૂ.૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.




આ અંગેની પોલીસમાંથી મળતી વિગતો મુજબ એસઓજીના પીઆઇ એસ.એન.જાડેજાની સુચનાથી પીએસઆઇ એસ.બી.ધાસુરા, એએસઆઇ વિરેન્દ્રસિંહ, અરૂણભાઇ, હેડ કોન્સ. હરદેવસિંહ સહિતનો સ્ટાફ રાજકોટ-ભાવનગર હાઇવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે નવા રીંગ રોડ પાસે કાળીપાટ જવાના રસ્તે વોંચ ગોઠવી હતી તે દરમ્યાન એક સ્વીફ્ટ કાર નંબર જીજેૐપીએલ૯૪૪૬ માં એક શખ્સ શંકાપસ્દ રીતે નિકળતા પોલીસે તેને અટકાવી કારની તલાસી લેતા એક કાળા કલરના અને લાલ કલરના થેલામાંથી દસ કિલો ગાંજો કિંમત રૂ.૧ લાખનો મળી આવતા પોલીસે કારનો ચાલક રાહિલ અમીન મીલપરા (રહે. કોઠારીયા મેઇન રોડ, ધનશ્યામનગર, ખોડિયા ફેમેલી શોપ સામે) ની ધરપકડ કરી કાર-મોબાઇલ સહિત કુલ રૂ.૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ગાંજાનો જથ્થો કયાંથી લાવ્યો અને કોને આપવાનો હોય તે દિશામાં એસઓજીની ટીમે તપાસ શરૂ કરી છે.

# ભીચરી ગામે પુત્રની હત્યા કરનાર પિતાને આજીવન કેદ

સામાન્ય બોલાચાલી બાદ પિતાએ પુત્રને છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધું તું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના છેવાડે આવેલ ભીચરી ગામે વર્ષ ૨૦૨૨માં સામાન્ય બોલાચાલી બાદ પિતાએ પુત્રને છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવી હતી. આ કેસમાં સેશન્સ કોર્ટે આરોપી પિતા રાજુ ધનાભાઈ ભોજવીયાને આજીવન કેદ અને દંડની સજા ફટકારી હતી.

આ કેસની હકિકત મુજબ, ફરિયાદી ભારતીબેન અજીતભાઈ ભોજવીયાએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેઓના પતિ અજીતભાઈ અને સસરા રાજુભાઈ વચ્ચે નાની-નાની બાબતોમાં વારંવાર ઝઘડા થતા હતા. ઘટનાના દિવસે, ૧૭/૦૪/૨૦૨૨ના પરિવાર માતાના મંદિરે દર્શન કરી રાત્રે ઘરે પરત ફર્યો હતો. અજીતભાઈ ખેતીની જમીનમાં પાણી વાળવા


પરાગ એન. શાહ

ગયા હતા.

રાત્રે ૧૦૩૦ વાગ્યે ભારતીબેનને બોલાવવા આવ્યા ત્યારે તેમની ગેરહાજરીથી બોલાચાલી થઈ. આ દરમિયાન રાજુભાઈએ છરી લઈ અજીતભાઈ પર હુમલો કર્યો, જેમાં ભારતીબેન અને તેમના સાસુને પણ ઈજા થઈ અજીતભાઈને છાતીમાં છરીના ઘા લાગતાં તેમનું મૃત્યુ થયું હતું.આ કેસમાં પોલીસે ગુન્હો નોધી આરોપી રાજુ ધનાભાઈ ભોજવીયાની ધરપકડ કરી હતી.

કેસ ચાલવા પર આવતા સરકારી વકીલે ૩૯ દસ્તાવેજી પુરાવા અને ૨૦ સાક્ષીઓની જુબાની રજૂ કરી હતી. જોકે, ફરિયાદી ભારતીબેન અને આરોપીના પત્ની હોસ્ટાઈલ થયા હતા, પરંતુ પોલીસ નિવેદનો, એફ.એસ.એલ. રિપોર્ટ કે જેમાં છરી અને આરોપીના કપડાં પર મૃતકનું લોહી હોવાનું જણાયું હતું.

તેમજ વધુમાં દલીલો કરી હતી કે, આરોપીએ પોતાના પુત્રની હત્યા કરીને પરિવારને બરબાદ કર્યો અને મૃતકની પત્ની તથા ચાર બાળકોને રઝળતા કરી દીધા છે.

રજૂ કરેલા મેડિકલ પુરાવા અને પંચનામાઓથી ગુનો સાબિત થતાં અદાલતે આરોપી રાજુ ભોજવીયાને આજીવન કેદની સજા ફટકારી છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ પરાગ.એન.શાહ રોકાયેલા હતા.

# રાજકોટમાં કુખ્યાત શખ્સે હોમગાર્ડ જવાનને આંતરી બાઈક પડાવી લીધું

પોલીસે કબ્જે કરેલું સ્કૂટર પાછું માંગી ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા કીશનભાઈ શૈલેષભાઈ ભટ્ટ (ઉ.વ. ૨૪ રહે. શ્રધ્ધા રેસીડેન્સી બ્લોક નં ૨ ૯, પરીવાર મોલ પાસે, રેલનગર રાજકોટ) દ્વારા પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં નોંધવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે છત્રપતિ ટાઉનશીપ રેલનગરમાં રહેતા જાવીદ ઉર્ફે જાવલો કરીમભાઈ કાથરોટીયા અને લખન કામેજળીયાના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગઈકાલ સાંજના સાડા છ વાગ્યા આસપાસ તે પ્ર.નગર પોલીસ સ્ટેશનમા ડી સ્ટાફમાં ફરજ બજાવતા પોલીસ કોન્સટેબલ તૌફીકભાઈ મંધરા સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા.દરમિયાન રેલનગર વિસ્તારમાં

બીએસયુપી સ્વિી એલનિક પર્યા પોલીસ સ્ટેશનના મારામારીના ગુન્હામાં નાસ્તો કરતો અને વાંકાનેર પોલીસ સ્ટેશનના દારૂના ગુન્હામા ફરાર આરોપી જાવેદ ઉર્ફે જાવલો કરીમભાઈ કાથરોટીયા બીએસયુપી ટાઉશીપ પાસે રોડ ઉપર બેસેલ હોય અને તે નામચીન ગુન્હેગાર હોય જેને પકડવા જતા તે તેનુ એક્સેસ મુકીને ભાગી ગયો હતો. બાદમા હોમગાર્ડ જવાન અને પોલીસ કોન્સટેબલ તૌફીકભાઈ જાવેદના આ વાહનને પ્ર.નગર પોલીસ સ્ટેશન ખાતે લઈ આવ્યા હતાં. રાત્રીના આશરે સાડા અગીયાર વાગ્યાની આસપાસ હોમગાર્ડ જવાન એકલો પોતાનું બાઈક લઈને ઘરે જતો હતો. ત્યારે રસ્તામાં રેલનગર ખાતે આવેલ પરીવાર મોલથી આગળ રાધીકા મોલની સામે પહોંચતા અહીં જાવેદ ઉર્ફે જાવલો કરીમભાઈ કાથરોટીયા તથા એક એકસેસમાં આવ્યા હતા ફરિયાદીના વાહન આગળ પોતાનુ એકસેસ આડુ નાખીને જવાનને ઉભો રાખ્યો હતો. બાદમાં આ બંન્ને શખસોએ હોમગાર્ડ જવાનનો કાંઠલો પકડી નીચે ઉતારી જાવેદે તેના પેન્ટના નેફામાથી છરી કાઢી હતી.યુવાનને છરી બતાવી ગાળો આપી મારી નાખવાની ધમકી આપી કહ્યું હતું કે, મારૂ એક્સેસ પ્ર. નગર લઈ ગયેલ છોતે બાબતે તૌફીકભાઈને કહેજે કે પાછું આપી દે, નહીંતર તારા સારાવાટ નહીં રહેવા દવ તેવી ધમકી આપી હોમગાર્ડ જવાનનું બાઈક છીનવી આ બંને શખસો નાસી ગયા હતાં. જે અંગે હોમગાર્ડ જવાનની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે બંને આરોપીઓ સામે લુંટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી બંનેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# પરણિતા પર દુષ્કર્મ ગુજારવાના ગુન્હામાં આરોપીને હાઈકોર્ટમાંથી આગોતરા જામીન મળ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભગવતીપરા વિસ્તારમાં રહેતી પરણિતાનો પરિચય કેળવી દુષ્કર્મ ગુજારતા આરોપી અહેમદ ગલેરીયા સામે એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ગુન્હો નોંધાયો હતો. જે કેસમાં આરોપીએ ધરપકડથઈ બચવા માટે હાઈકોર્ટમાં કરેલી જામીન અરજી કોર્ટે મંજૂર કરી છે.

આ કેસની હકિકત મુજબ, આરોપી અહેમદ ગલેરીયા લગભગ સાત વર્ષથી રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં રહેતી અનુસૂચિત જાતિની એક પરિણીત મહિલાનો પીછો કરતો હતો. આ મહિલા તેના બાળકોને શાળાએ મૂકવા-લેવા જતી હતી, ત્યારે અહેમદ તેનો પીછો કરતો અને તેની પાનની દુકાનેથી ઈશારા કરતો હતો. મહિલાએ તેને પીછો ન કરવા અને ઈશારા બંધ કરવા જણાવ્યું હતું, પરંતુ અહેમદે આગળ વધીને તેનો ફોન નંબર મેળવ્યો અને વાતચીત શરૂ કરી. આ દરમિયાન અહેમદે


એડવોકેટ હર્ષિત ભટ્ટ
એડવોકેટ જયેન્દ્ર ગોંડલીયા

મહિલા સાથે મિત્રતા કેળવી બંને વચ્ચે વાતચીત ચાલુ થઈ, અને અહેમદ મહિલાને તેની નોકરીના સ્થળે મૂકવા-લેવા જતો હતો. ફરિયાદમાં જણાવાયું છે કે અહેમદે લગ્નનું વચન આપીને અને પોતાની પત્નીને છૂટાછેડા આપવાની વાત કરીને મહિલા સાથે અલગ-અલગ હોટલોમાં ઈચ્છા વિરુદ્ધ શારીરિક સંબંધો બાંધ્યા હતા. આરોપીએ સેશન્સ કોર્ટમાં મુકેલી આગોતરાં જામીન અરજી રદ થતાં હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જે ચાલવા પર આવતા આરોપીના વકીલે કરેલી ધારદાર દલીલો તેમજ રજુ કરેલા વડી અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈને હાઈકોર્ટે આરોપીની આગોતરા જામીન અરજી મંજૂર કરી હતી.

આ કેસમાં આરોપી વતી હર્ષીત એસ. ભટ્ટ, જયેન્દ્ર એચ. ગોંડલીયા, હિરેન ડી. લિબડ, દિલીપસિહ જાડેજા, મોનિષ જોષી, પારસ શેઠ, કુલદીપસિહ વાઘેલા, કરણ ડી. કારીયા, કાજલબેન ખસમાણી, શીરાકમુદ્દીન એમ. શેરશીયા, ખુશીબેન ચોટલીયા, નીરાલીબેન કોરાટ, વિરલ વડગામા, ક્રિષ્નાબેન પીઠડીયા, પીયુષ કોરીંગા, મૌલીક ગોધાણી, સમીર શેરશીયા, ધારા બગથરીયા, પ્રિયંકાબેન સાગઘ્રા, કેતન રાખસીયા, દિક્ષીત કોટડીયા, મયુર ગોંડલીયા, ધવલ જેઠવા, મનીષ ત્રીવેદી, મનીષ ઠાકર, યશ સોની, ભૂમિ મહેતા, દીપક રાઠોડ, કૌશિક ઉનાગર, યશ રાદડીયા, પ્રિયાંશ ધિનોરા, પદ્માવતીબેન, પૂજા ઉનાગર અને મારવીન કોરાટ રોકાયેલ હતા.

# શહેરના રાજમાર્ગો પર ટ્રાફિકને નડતરરૂપ બોર્ડ-બેનર સહિત ૨૫૨૧ દબાણો જપ્ત કરાયા

મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાની કાર્યવાહીથી અન્ય દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રાજમાર્ગો પરના દબાણો દૂર કરવા માટે મનપાની - ઝૂંબેશ દરમિયાન વધુ ૪૨ રેકડી-૧ કેબીન તેમજ ૧૯૧૫ બોર્ડ-બેનર = સહિતના દબાણો જપ્ત કરી લેવામા ૧ આવ્યા હતા.

રાજકોટ શહેરમાં જુદી જુદી ૧ જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ૧ ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જમી '' તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં જ્યુબેલી મવડી બ્રિજનીચે રેલ્વે લાઈન, આનંદ બંગલા ચોક, રામનાથ ૧ પરા, કરણ્યાર્ક , રૈયા રોડ, નંદનવન પાર્ક, રવિવારી આજીડેમ,કોઠારીયા

રોડ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી રસ્તા પર નડતર રૂપ ૪૨ રેકડી/કેબીન જપ્ત કરવામાં



આવી હતી.

આ ઉપરાંત જ્યુબેલી,જામનગર રોડ, હેમુગઢવી હોલ,જંકશન રોડ, ગાયત્રીનગર મે.રોડ, ઢેબર રોડ, જંકશન રોડ,કૃષ્ણનગર મે. રોડ, રૈયા રોડ, ૧૫૦ ફુટ રોડ, કાલાવાડ રોડ, નાણાવટી ચોક,ભીમનગર રોડ,યુનિ.રોડ, કોઠારીયા રોડ, ધરાર માર્કેટ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પરથી જુદીજુદી અન્ય ૫૬૪ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવ આવી હતી.

વધુમાં જામનગર રોડ, લક્ષ્મિનગર, જ્યુબેલી,યુનિ.રોડ, કોટેચા ચોક થી આકાશવાણી ચોક સુધી, ધરાર માર્કેટ,કેસરી પુલ, પારેવડી ચોક,કોઠારીયા રોડ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી ૧૨૬૫ કિલો શાકભાજી/ફળ જપ્ત કરાયા હતા. ઉપરાંત કોઠારીયા રોડ, સંતકબીર રોડ, પેડક રોડ, ભાવનગર રોડ,પુષ્કરધામ મેઈન રોડ, યુનિ. રોડ, નાણાવટી ચોક, રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયાણ ચોક, ઢેબર રોડ, સોરથીયાવાડી પાસે થી રૂ.૩૭,૨૫૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવ્યુ હતુ. જ્યારે ૮૦ ફુટ રોડ, પારેવડી ચોક , સંતકબીર રોડ, ઘર રોડ, ધરાર માર્કેટ, કોઠારીયા રોડ, મોરબી રોડ, ભાવનગર રોડ,કુવાડવા રોડ૮૦ફુટ રોડ, અટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ, આનંદબંગલા ચોક, મવડી મેઈન રોડ, આહિર ચોક પરથી રૂ.૪,૨૧,૪૯૫/- વહિવટી ચાર્જ વસુલ કરાયો હતો. આ ઉપરાંત જામનગર રોડ, જલારામ ચોક, જંકશન પ્લોટ, રેસકોર્ષ રોડ,યુનિ.રોડ,૧૫૦ ફુટ રોડ,નાણાવટી ચોક, સાધુવાસવાણી રોડ, પટેલ કન્યા છાત્રાલય, કોઠારીયા રોડ, સેટેલાઈટ ચોક પરથી ૧૯૧૫ બોર્ડ-બેનર જપ્ત કરાયા હતા.